ગાંધીનગર સમાચાર

પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને ચાર રાષ્ટ્રીય એવોર્ડ

# મનપા ભ્રષ્ટાચારનો અખાડો બન્યું છે : આક્ષેપો

**ભાજપના જ્યોતિકરના ગંભીર આક્ષેપો : કોંગીના હર્ષજીત પંડ્યા, જીતુ રાયકા, અશ્વિન વ્યાસે તપાસની માંગનું સમર્થન કર્યુ : સામાન્ય સભામાં ''મિલે સુર હમારા તુમ્હારા તો બને સૂર હમારા'નું સમૂહ ગાન થતું હોય તેવા દશ્યો**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાનું વહીવટીતંત્ર ભ્રષ્ટાચારનું મોટુ કેન્દ્ર બની ગયું છે અને તેને નાથવા માટે અસરકારક પગલાં ભરવામાં આવે તેવી માંગણી સત્તાધારી પક્ષ ભાજપ ભાજપના કાઉન્સીલર શ્રી સંદીપ જ્યોતિકરે ભ્રષ્ટાચારના મુદ્દે સર્વેપક્ષીય સમિતિ રચી તપાસ કરાવવાની માંગ કરી હતી. જેના સૂરમાં કોંગીના હર્ષજીત પંડ્યા, શ્રી જીતુ રાયકા, શ્રી અશ્વિન વ્યાસે સૂર અને વિપક્ષ કોંગ્રેસે સૂરમાં સૂર મિલાવી કહેતાં સામાન્ય સભામાં સન્નાટો જોવા મળતો હતો. પહેલીવાર ચૂંટાયેલી પાંખે વહીવટીતંત્ર સામે આજે ખરાખરીનો જંગ છેડ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે બપોરે ૩ વાગે મેયર શ્રીમતિ હંસાબેન મોદીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં પુરાવી તાત્કાલિક તપાસ કરાવવા સમિતિની રચનાનો મુદ્દો વધુ ઉગ્ર બનાવ્યો હતો.

ભાજપના શ્રી જ્યોતિકરે જણાવ્યુ હતુ કે પાંચ લાખની માંગણી કરનાર આઉટ સોર્સિંગના કર્મચારીને ઉચ્ચ અધિકારીઓ છાવરી રહ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે કોર્પોરેશન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## કાઉન્સીલરોનું તંત્ર નથી સાંભળતુ તો પ્રજાનું શું : શંકરભાઈ ચૌધરી

**ગ્રામ્ય વિસ્તારના વેરા બિલોમાં અસંખ્ય ભુલો નહિ સુધારવામાં આવતાં પ્રજાએ બિલો નહિ ભરવાનો નિર્ણય કર્યો છે : મકવાણા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કતવેરાના બિલોમાં આડેધડ આકારણી અને ખોટા નામે બિલો દર્શાવવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારના રહીશોએ તે નાણાંની ભરપાઈ નહિ કરવાનો નિર્ણય કર્યો છે તેમ કોંગીના કાઉન્સીર શ્રી હસમુખ મકવાણાએ આજે સામાન્ય સભામાં આ રજુઆત કરી હતી.

શ્રી મકવાણાએ જણાવ્યું હતું કે તંત્ર વેરા વસુલી પર વ્યાજ અને તેના પર વ્યાજ ચડાવી વસુલી માટે બિલો મોકલે છે પણ ભૂલો સુધારણાની કોઈ તસ્દી લેતુ નથી. તેમણે શહેરમાં વેરાની આકારણી નવેસરથી કરવાની પણ માંગ કરી હતી.

ભાજપના શ્રી શંકરભાઈ ચૌધરીએ આજે સામાન્ય સભામાં વેરાની આકારણીના બિલોમાં ચાલી રહેલ ધુપ્પલ બાજીને લઈ આકરો રોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યુ હતુ કે કાઉન્સીલરની અંગત રજુઆતને પણ ધ્યાને લઈ તંત્ર આંખ આડા કાન કરે તો પ્રજાનું કોણ સાંભળશે.

શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ કે સે. ૭માં તેમણે ૮૭.૫ ચો.મી.નો પ્લોટ વાણિજ્યનો ખરીદ્યો હતો. તેના પર શોપીંગ બનાવ્યુ હવે તંત્રએ તેના પર મુકેલ મોબાઈલ ટાવર ૨૦૦૦ ચો.મી. દર્શાવી અને

● અનુસંધાન પાન-૭ પર



જય અંબે - ગાંધીનગરની પ્રતિષ્ઠિત આધ્યાત્મિક સંસ્થા જયઅંબે પરિવાર આયોજીત અંબાજી પદયાત્રા સંઘે શુક્રવારની સવારે જયઅંબેના જયઘોષ સાથે અંબાજી તરફ પ્રસ્થાન કર્યું હતું... સેક્ટર-૧૩ અંબાજી ચોક ખાતે માતાજીના રથના પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ ભવ્યાતિભવ્ય રથ સાથે ૨૦૦થી વધુ પદયાત્રીઓએ અંબાજી તરફ પ્રયાણ આરંભ્યું હતું... (તસવીર : દિપક જાની)

## વન તંત્રને કાયમી દબાણો ન દેખાયા પણ હંગામી સેવા કેન્દ્ર જ દેખાયું

**વન આરક્ષિત જગ્યામાં કાયમી દબાણોને યથાવત રાખવા હપ્તા વસુલી થતી હોવાનો નગરજનોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૮

અંબાજી પગપાળા જતા માંઈ ભક્તોની સેવા કાજે સે- ૭ ના કોર્નર પર ઉભા કરાયેલા સેવા કેન્દ્રને વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં દબાણ કરવામાં આવ્યુ હોવાના નામે દુર કરવામાં આવ્યુ હતુ. આ ઘટનાથી આમ નાગરિકોની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરમાં મુખ્ય માર્ગોની આસપાસ તેમજ અન્ય ઠેકાણે વન વિભાગ આરક્ષિત જગ્યામાં અનેક ઠેકાણે જાણે કાયમી દબાણો ઉભા કરી દેવાયા છે. ત્યારે વન વિભાગ દ્વારા આંખ આડા કાન કરી આ દબાણોને નજર અંદાજ કરવામાં આવી રહયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં પદયાત્રીઓની સેવા માટે ગણતરીના દિવસો માટે ઉભા કરાયેલા સેવા કેન્દ્રને દબાણના નામે દુર કરી તંત્રએ સંતોષ માની લીધો હતો. આ ઘટનાથી શ્રધ્ધાળુઓની લાગણી પણ દુભાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં નજર નાંખો ત્યાં દબાણોનો અડ્ડો જોવા મળે છે. શહેરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર પણ કાયમી દબાણો અસ્તિત્વમાં આવી ગયા છે. જયારે મુખ્ય માર્ગો આસપાસ અને અન્ય રસ્તાઓની આજુબાજુ સ્થિત વન વિભાગની આરક્ષીત જગ્યામાં પણ દબાણોનો સિલસિલો યથાવત છે. શહેરમાં હાલ અંબાજી જતા પદયાત્રીઓની સેવા કાજે ઘણાં ઠેકાણે સેવા કેન્દ્રો ઉભા કરાયા છે.ત્યારે વન તંત્રએ આ સેવાકેન્દ્રોને ટાર્ગેટ બનાવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર



રંગોળીમાં ગણેશ - બ્રહ્મસમાજ યુવા પરિવાર અને મહિલા પાંખના સંયુક્ત ઉપક્રમે ઉજવાતા ગણેશ મહોત્સવમાં બીજા દિવસે રંગોળી સ્પર્ધા અને મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં યુવતીઓ અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## બેંકોમાંથી થાપણ ઉપાડી લેવા પાટીદારોની આજે લાઈન લાગશે

**જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી આજે કરોડો રૂપિયા ઉપાડી લેવાશે : ગાંધીનગર એસ.પી.જી.ની હજુ આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની ચેતાવણી**

ગાંધીનગર, તા.૧૮

પાટીદાર અનામત આંદોલનને વેગ આપવા પાટીદાર સંગઠનોએ આર્થિક અસહકાર આંદોલનની જાહેરાત કરી છે. ગાંધીનગર જિલ્લામાં વસતા પાટીદારો સવારે બેંક ખુલતાની સાથે જ પોતે જમા કરાવેલી થાપણો ઉપાડવા પહોંચી જશે. રાષ્ટ્રીયકૃત બેંકોમાં પોતાની થાપણ ન રાખવા પાટીદારોએ આંદોલનના ભાગરુપે નિર્ણય લીધો છે અને એક જ દિવસમાં કરોડો રૂપિયાની થાપણ જિલ્લાની બેંકોમાંથી ઉપડે તેવી આશંકા છે. સવારથી જ બેંકોમાં થાપણ ઉપાડવા પાટીદારોની લાઈન લાગશે.

સરદાર પટેલ ગ્રુપ ગાંધીનગરના પ્રમુખ ગૌરાંગ પટેલ અને કન્વીનર પુર્વીન પટેલના જણાવ્યાનુસાર આર્થિક અસહકાર આંદોલન આવતી કાલે શનિવારથી શરુ કરી દેવામાં આવશે. એક હજારથી પણ વધુ પાટીદારના

● અનુસંધાન પાન-૭ પર

## મનપાની સામાન્ય સભામાં ભરતી-બઢતીના નિયમોની બહાલી મુલત્વી

**ભરતી-બઢતીના નિયમોની ગુજરાતી કોપી જ નથી : ભરતી બોર્ડની રચના કરો : સરકારમાં મંજૂરીનો વિલંબ નથી થયો વહવટીતંત્રનો દોષ છે : ગઈ બેઠકમાં છેલ્લી ઘડી બે પ્રસ્તાવ લાવવા પાછળ કમિશનરનો બદઈરાદો હોવાની શંકા પણ કાઉન્સીલરોએ વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકામાં કર્મચારીઓની ભરતી-બઢતી અંગેના નિયમોને નિયમોની ગુજરાતી કોપી તૈયાર થઈ ન હોવાથી તેમાં તેના પર ચર્ચાઓ ઝીણવટથી થઈ શકે તે માટે આજે બહાલી વધુ એક વખત મુલત્વી રાખવામાં આવેલ છે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ એક માત્ર મુદ્દો હોવા છતાં તેને બહાલી વિના મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોંગ્રેસના શ્રી જીતુ રાયકાએ સાડાચાર વર્ષ સુધી આ નિયમોને આખરી ઓપ નહિ આપી વહીવટીતંત્ર મનમાની કરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું કે મનપામાં ભાજપ, સરકાર ભાજપની છતાં પણ મંજૂરી ના મળે એ તો હદ કહેવાય.

શ્રી રાયકાએ એક દિવસ નાયબ મ્યુનિ. કમિશનર આખો દિવસ સચિવાલયમાં રોકાય અને મંજૂરી તંત્ર આપે તેમાં કોઈક ખોટુ કરવાની પેરવી ચાલતી હોવાની ગંધ આવતી હોવાનું પણ જણાવ્યું હતું.

કોંગીના જ શ્રી હર્ષજીત પંડ્યાએ ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની ખાનગી રાહે ફાઈલ શરૂ કરાઈ છે અને તેથી હવે આ નિયમોની મંજૂરી માટે ઉતાવળ કરવામાં આવી રહી હોવાનું જણાવતાં સભામાં સન્નાટો છવાઈ ગયો હતો.

ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે આ નિયમોની બહાલી માટે કમિશનરના બદ ઈરાદાઓ હોવાની વાત કરી હતી. તેમણે જણાવ્યુ કે ગત સામાન્ય સભામાં છેલ્લી ઘડીએ આ દરખાસ્ત લવાઈ તો આજે નિયમોની કોપી કોઈને ના મળી ?

શ્રી જ્યોતિકરે જણાવ્યુ હતુ કે કમિશનરશ્રીએ પરિપત્ર કરી સભ્યોને પણ આર.આર.ના નિયમોની નકલ નહિ આપવા

● અનુસંધાન પાન-૭ પર

## પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને ચાર રાષ્ટ્રીય એવોર્ડ

**પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ, રણ ઉત્સવ, પ્રચાર-પસાર તથા ફિલ્મ પ્રમોશન ક્ષેત્રે મિત્રતાપૂર્ણ રાજ્યની વિવિધ કેટેગરીમાં ગુજરાતનું શ્રેષ્ઠ પ્રદર્શન : પ્રવાસન સચિવ એચ.જે. હૈદરે રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ સ્વીકાર્યા**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર દિવસે દિવસે વિકસતુ જાય છે. બ્રાન્ડ એમ્બેસેડર તરીકે વિખ્યાત અભિનેતા અમિતાભ બચ્ચનને લઈને બનાવાયેલી એડ ફિલ્મ 'ખુશ્બુ ગુજરાતી કી' એ દેશ-વિદેશના પ્રવાસીઓમાં ગુજરાતનું આકર્ષણ વધાર્યુછે. ગુજરાતના વિવિધ પ્રવાસન ક્ષેત્રોના વિકાસ અને પ્રવાસીઓને આપવામાં આવતી સુવિધાઓ માટે ગુજરાત પ્રવાસન નિગમે લીધેલા નોંધપાત્ર પગલાંઓની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે. ૨૦૧૩-૧૪ના વર્ષ માટે અપાયેલા રાષ્ટ્રીય ટુરીઝમ એવોર્ડમાં ગુજરાતના ફાળે ચાર પ્રતિષ્ઠિત એવોર્ડ આપ્યા છે. તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલા એક સમારંભમાં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી અને પ્રવાસન મંત્રીના હસ્તે ગુજરાત ટુરીઝમના સચિવશ્રી એચ.જે. હૈદરે આ એવોર્ડ સ્વીકાર્યા હતા. પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ માટે, શ્રેષ્ઠ ગ્રામિણ ટુરીઝમ પ્રોજેક્ટ તરીકે રણોત્સવને, શ્રેષ્ઠ




● અનુસંધાન પાન-૭ પર

## ટુ વ્હીલરની નવી સીરીઝમાં પસંદગીના નંબરોની હરાજીમાં રૂ. ૧.૯૪ લાખની આવક

ગાંધીનગર તા ૧૮

આર ટી ઓ કચેરી દ્વારા આજે ટુ વ્હીલરની નવી સીરીઝ જી જે ૧૮ સી એલ માટે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. જેમાં હરાજીના અંતે આર ટી ઓને રૂપિયા ૧.૯૪ લાખની આવક થઇ હતી. જયારે નંબર -૧ માટે સૌથી વધુ રૂપિયા ૪૧,૨૩૯ ચુકવાયા હતા.

આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલરના નંબરો માટેની નવી સીરીઝ જી જે ૧૮ સી એલ માટે પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયા યોજવામાં આવી હતી. ટુ વ્હીલરમાં પસંદગીના જુદા જુદા નંબરો મેળવવા માટે અરજદારોએ ઉંચા દામ ચુકવ્યા હતા.પસંદગીના નંબરો માટે આર ટી ઓ કચેરીને કુલ ૪૪ અરજીઓ મળી હતી જયારે આ પૈકી ૮ ફોર્મ ક્ષતિના લીધે રીજેકટ થયા હતા. હરાજીની પ્રક્રીયા દરમિયાન સૌથી વધુ રૂપિયા નંબર -૧ માટે ચુકવાયા હતા. ૯ નંબર માટે ૧૮ ૧૧૧, તેમજ ૯૯૯૯ માટે રૂપિયા ૧૫૮૮૬ કીંમતમાં ખરીદવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૭૭૭ નંબર માટે ૧૫૫૮૬ અને ચોગ્ગા ના નંબર માટે રૂપિયા ૧૪ ૪૪૪ ચકવવામાં આવ્યા હતા.નંબર ૫ માટે ૧૩,૭૫૯ અને નંબર ૭ માટે ૧૧,૧૭૭ ચકવી ખરીદવામાં આવ્યો હતો. આર ટી ઓ દ્વારા ટુ વ્હીલર અને ફોર વ્હીલરની નવી સીરીઝના પ્રારંભે દર વખતે નિયમ મુજબ પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જી જે ૧૮ ના પાસિંગને વાહનચાલકો રૂઆબદાર માને છે. જયારે આ પાસિંગની સાથે પસંદગીના નંબરોનુ વિશેષ મહત્વ હોવાનુ મનાતા ન્યુમેરોલોજીની દ્રષ્ટીએ પણ અમુક આંકડાનો નંબર મેળવવાનો ક્રેઝ વાહનચાલકોમાં વધી ગયો છે.








SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com